**આંક:–૧૨**

**મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ, મુ.અમદાવાદ.**

**ફરિયાદી :–** **સરકારી શ્રમ અધિકારી અને લઘુતમ વેતન ઈન્સ્પેકટર, અમદાવાદ.**

**: વિરૂધ્ધ :**

**આરોપી :–** (૧) **સીએલઆર ફેસિલિટી સર્વિસીઝ પ્રા.લી.,** આશ્રમ રોડ, અમદાવાદ.
૮/૦:– ઈન્ફીટીની રીટેઈલલી. (ક્રોમા)
ગ્રાઉન્ડ ફલોર, રત્ન બીઝનેસ સ્કવેર, આશ્રમ રોડ,અમદાવાદ
(૨) **શ્રી ગૌતમ રાજા પાઠક (ડીરેકટર)**
૮/૦:–સીએલઆર ફેસિલિટી સર્વિસીઝ પ્રા.લી.,
આશ્રમ રોડ, અમદાવાદ.

**ગુન્હો :–** **લઘુતમ વેતન અધિનિયમની કલમ–૨૨(એ) મુજબ.**

## <u>–: ચૂ કા દો :–</u>

(૧) હાલનો ફોજદારી કેસ અત્રેની અદાલતમાં ચાલે છે. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો, આરોપીએ લઘુતમ વેતન ધારા અન્વયેના ગુજરાત લઘુતમ વેતનના નિયમો પૈકી **નિયમ–૨૬(બી)(૧) ૨૧(૪), ૨૫(૨) તથા ૨૬(૧)** નો ભંગ કરેલ હોઈ, જે સંદર્ભે સદરહુ કાયદાની કલમ **૨૨(એ)** હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ કરેલ છે.

(૨) ત્યારબાદ આરોપીને સમન્સ ઈસ્યુ કરેલ, જે સંદર્ભે આરોપી /અધિકૃત વ્યકિત અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ? તેવું પૂછવામાં આવેલ જેથી ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ અન્વયે રજૂ કરેલ છે. ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ છતાં ગુન્હો કબૂલ કરતાં તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

(૩) આરોપીપક્ષે હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીઓએ લઘુતમ વેતન અધિનિયમ અન્વયેના ગુજરાત લઘુતમ વેતન નિયમો હેઠળ **નિયમ–૨૬(બી)(૧), ૨૧(૪), ૨૫(૨) તથા ૨૬(૧) નો** ભંગ કરીને તે કાયદાની **કલમ–૨૨(એ)**

મુજબનો ગુન્હો કરેલ છે. આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ ગુન્હાનો પ્રકાર વિગેરે તેમજ ખાસ સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯ ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

## **-: હુકમ ::-**

(૧) આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ મુજબ લઘુતમ વેતન અધિનિયમ અન્વયેના ગુજરાત લઘુતમ વેતન નિયમો હેઠળ **નિયમ-૨૬(બી)(૧) ૨૧(૪), ૨૫(૨) તથા ૨૬(૧) નો** ભંગ કરીને તે કાયદાની **કલમ-૨૨(એ)** મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને પ્રત્યેક ભંગ બદલ રૂા.૨૦૦૦/- મુજબ ચાર ભંગનાં બે આરોપીનાં મળી **કુલ રૂા.૧૬,૦૦૦/-(અંકે રૂપીયા સોળ હજાર પુરા)** નાં દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓ દંડની રકમ ભરવાનો કસૂર કરે તો આરોપીને એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીપક્ષે ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૪/૧૨/૨૦૨૪
સ્થળ : અમદાવાદ.

પ્રદીપકુમાર વસંતલાલ ધીમર
એડિશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
લેબર કોર્ટ, અમદાવાદ.
જજકોડ:જીજે૦૧૪૮૮